**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૩૦/૭/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૮,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૯/૧૫**

**ચાંદખેડાઃ** હિનાબહેન સજ્જનસિંગ રોથાણ (ઉ.વ.૧૬) (રહે. આસોપાલવ સોસાયટી જીઆઇડીસીની સામે નરોડા) ને ઘર નજીક રહેતો આરોપી શની (જેના પુરા નામની ખબર નથી) તા.૨૮/૭/૧૫ નારોજ મોટેરા વિસત પેટ્રોલપંપની પાછળ ઘનશ્યામનગર સોસાયટી નજીકથી લલચાવી ફોસલાવી ઝારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ હિનાબહેનના પિતા સજ્જનસિહ રોથાણે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ખેંચી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૦/૧૫**

**સરદારનગરઃ** ફોરમબહેન લલીતભાઈ શર્મા (ઉ.વ.૨૧) (રહે.કેમ્પ સદરબજાર શાહીબાગ) તા.૨૫/૭/૧૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે સરદારનગર હાસોલ કોમ્યુનિટી હોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૧ એલઆર ૯૭૧૨ ઉપર આવેલ એક પુરૂષ ફોરમબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨૯,૬૪૫/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ફોરમબહેન શર્માએ તા.૨૯/૭/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ એમ સિંધી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)